# "સૌરાષ્ટ્રના લોકનૃત્યો અને દુહા છંદ"

રણમલ કે. પરમાર
(પી.એચ.ડી.શોધછાત્ર)

## પ્રસ્તાવના

ગુજરાત રાજયમાં આવેલ સૌરાષ્ટ્ર પ્રદેશ એ પોતાની આગવી લોક સાંસ્કૃતિક વિરાસતને લીધે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત બન્યો છે. આજે સૌરાષ્ટ્રના વિવિધ પ્રદેશોના લોક નૃત્યોએ અનેરૂ આકર્ષણ જમાવ્યું છે. સૌરાષ્ટ્રના વિવિધ પ્રદેશના લોક નૃત્યોમાં રાસ અને ગરબા, મણિયારા રાસ, ટિપ્પણી નૃત્ય, ટિટોડા નૃત્ય, રેજો રાસ, બાબીયો રાસ, હમચી નૃત્ય, મટકી નૃત્ય, કાપણી નૃત્ય, ઢોલો રાણો, ચોકારો, ઘેરૈયા નૃત્ય, બેડાં રાસ, ગોફગુંથન એટલે કે અઠીંગો રાસ, મંજીરા નૃત્ય, ડોકા અને હુડા રાસ વગેરે નૃત્યોની રજૂઆત થાય છે.

લોકનૃત્યોના સંદર્ભમાં શ્રીજયમલ્લભાઇ પરમાર જણાવે છે કે,"પાર્વતીએ બાણાસુરની પુત્રી ઉષાને લાસ્ય શીખવ્યું. ઉષાએ દ્વારિકાની ગોપીઓને શીખવ્યું, અને દ્વારિકાની ગોપીઓએ સૌરાષ્ટ્રની સ્ત્રીઓને શીખવ્યું. સૌરાષ્ટ્રની સ્ત્રીઓએ વિવિધ પ્રદેશની નારીઓને એ લાસ્ય શીખવ્યું, અને એ રીતે પરંપરાએ વહી રહેલું લાસ્ય નૃત્ય ભારતના જનપદોમાં પ્રતિષ્ઠિત બની રહ્યું."[૧] આ રીતે જોઇએ તો સૌરાષ્ટ્રનો પ્રદેશએ લોક નૃત્ય ક્ષેત્રે વિશેષ મહત્વ ધરાવે છે. સૌરાષ્ટ્રના લોક નૃત્યોએ મોટે ભાગે કૃષિજીવન, સાગર જીવન, ગોપજીવન અને ક્ષાત્રજીવન સાથે સંકળાયેલા લોકનૃત્યો છે. સૌરાષ્ટ્રના લોકનૃત્યોમાં સીદીઓની માલ એ એક અનેરી છાપ પાડે છે. સૌરાષ્ટ્રના લોકનૃત્યોએ મોટાભાગે નવરાત્રીમાં, ભાગવદ સપ્તાહમાં, તહેવારો અને ઉત્સવો તેમજ મેળાઓમાં રજૂ થાય છે. સૌરાષ્ટ્રના લોકનૃત્યોમાં પ્રાચીન કાળથી જુદા જુદા લોકવાદ્યોનો ઉપયોગ થાઇ છે. કેટલાંક લોક નૃત્યોએ જે તે જ્ઞાતિની વિશિષ્ટ ઓળખ ઉભી કરી છે. લોકનૃત્યોની રજૂઆત વખતે સ્ત્રીઓ અને પુરૂષોના પહેરવેશ પણ વિશેષ મહત્વ ધરાવે છે. સૌરાષ્ટ્રના મોટાં ભાગના લોકનૃત્યો એ ધાર્મિક ભાવનાઓ સાથે સંકળાયેલા છે. સૌરાષ્ટ્રના લોકનૃત્યોને નિહાળવા એ જીંદગીનો એક લ્હાવો છે. સૌરાષ્ટ્રના ઘણાં બધા લોકનૃત્યોની રજૂઆત વખતે તેમાં ગીતો, લોકગીતો, દુહાઓ તેમજ છંદની રજૂઆત કરવામાં આવે છે.

## લોકનૃત્યો અને દુહા :–

આપણાં લોક સાહિત્યમાં દુહાને દસમો વેદ કહેવામાં આવ્યો છે. દુહા વિશે કહેવાયું છે કે, "દુહો દસમો વેદ, સમજે તેને સાલે વિયાતલની વેણ્ય, વાંઝણી શું જાણે"[૨] દુહો કે દોહરોએ લોક સાહિત્યનો એક પ્રકાર છે. લોક સાહિત્યના પદ્ય સ્વરૂપો લોકગીતો, ખાયણાં, હાલરડાં, મરશિયા, જોડકણાં લગ્નગીતોમાં દુહો એ સૌથી નાનું, આકર્ષક, જે તે બાબતને સીધું અને માર્મિક રીતે રજૂ કરતું સ્વરૂપ છે. લોકજીવન જેમ જેમ ઘડાતું ગયું તેમ તેમ એની બોલી–ભાષા દુહાનો ઘાટ પકડતી ગઇ છે. આજે લોક જીવનમાં હજારોની સંખ્યામાં દુહાઓ મળી આવે છે. જેમાં પ્રેમ, શૌર્ય, વિરહ, ત્યાગ, બલિદાન, વ્યસન, રમૂજ, ચતુરાઇ, જ્ઞાન સાથે ગમ્મત, ઇશ્વર ભકિત, સતસંગ, ધન, દાન, પુણ્ય, મા, મૂરખ, વહેમ, ભાગ્ય, શાણપણ, નીતિ

ચતુરાઇ, હાસ્ય, ઋતુ, પ્રદેશ, પર્વતો, નદીઓ, દેવી દેવતાઓ, આરોગ્ય, શૂરવીરતાના દુહાઓ મળી આવે છે. દુહાની રજૂઆત એ બે પંકિત અને ચાર ચરણની હોય છે. દુહા લોકકથાઓને લોક પ્રિય બનાવે છે. આજે સંતવાણી કે લોક ડાયરા તેમજ લોકનૃત્યના અનેક કાર્યક્રમોમાં દુહાની રજૂઆત થાય છે.લક્ષ્મણભાઇ ગઢવી દુહા વિશે જણાવે છે કે, "દુહાઓના મુખ્ય પ્રકારોમાં (૧)પૂર્ણ દોહો, (૨)સોરઠો–સોરઠિયો, (૩)તુમેરી– તુવેરી, (૪)દોઢિયા, (૫)છકડીયા, (૬)લોકિયા દૂહા–દુમેળીયો, આપજોડીયા, ગોફણિયા, રાફડિયા, પરજ રાફાયણ, હડુલો વગેરે ગણાવી શકાય."[3] દુહો એ માત્રામેળ છંદ છે.દુહા વિશે કહેવાયું છે કે,

"કામણ કર્યા કમાલ, ખાંભી ખોડી ખળભળે,
પાણા કરે પ્રીતાળ, ઈ દુહો અમારા દેશનો"

## આવા લોક નૃત્યમાં રજૂ થતાં કેટલાંક દુહાઓ જોઈએ...

### વીર રસનું વર્ણન કરતો દુહો

ભલ્લ ઘોડા, વલ્લ વંકડા, હલ્લ બાંધવા હથિયાર
ઝાઝી ફોજુમાં ઝીકવાં, મરવું એક જ વાર.

### હદયની ભાવનાને રજૂ કરતો દુહો

સાયર લેરું થોડીયું, મુંજા ઘટમાં ઘણેરીયું
હકડી તડ ન પોગિયું, (ત્યાં) દૂજી ઊપડિયું.

### મહેમાનગતિ ના દુહાઓઃ–

મે'માનુંને માન, દલ ભરી દીધાં નહિ
(ઇ) મંદિર નૈ મસાણ, સાચું સોરઠિયો ભણે.

કાઠિયાવાડમાં કોક દી, ભૂલો પડય ભગવાન
થાને મારો મોંઘેરો મે'માન, તને સરગ ભુલાવું શામળા.

### સૌરાષ્ટ્રની ધરતીની અમીરાતના દુહાઓઃ–

ધરતી સોરઠ જગ જુની, ગઢ જુનો ગિરનાર
સાવજડાં સેંજળ પિયે, નમણાં નરને નાર.
સોરઠ ધરા ન સંચર્યો, નો ચડિયો ગઢ ગિરનાર
નાયો ન દામો રેવતી એનો એળે ગિયો અવતાર.
મચ્છુ કાંઠોને મોરબી, વચમાં વાંકાનેર
ચંગામાડુ નીપજે, પાણી હુંદા ફેર.

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત
વર્ષાએ વાગડ ભલો, કચ્છડો બારેમાસ.

**કૃષ્ણ સુદામાના દોહો:–**

ભૂધર જાતો ભણવા, ઠાકર તું બહુ ઠોઠ
નટવર લખતો નોટ, ઈ સુદામો હું, શામળા

**મોરનો દુહો**

અસીં ગિરિવરજા મોરલા, કાંકર પેટ ભરાં,
રત આવ્યે ન બોલાં, (ત) હૈડો ફાટ મરાં

## લોકનૃત્યો અને છંદ

ભગવદ્ગોમંડલમાં જણાવ્યા મુજબ છંદ એટલે, " અક્ષર કે માત્રામેળ એટલે નિયમથી બનેલ કવિતા ; તાલ કે લયની શબ્દની ગોઠવણ; લઘુ ગરૂ અક્ષરો અને તેની માત્રાઓને અનુસરી પદબંધ કરેલ વાકય ; નિયમિત માપથી મર્યાદામાં રહી મનને આનંદ આપનારી ક્રમબદ્ધ વાણી કે કાવ્ય ; વૃત. છંદના બે, ચાર કે છ ભાગ હોય છે. છ ભાગ હોય ત્યારે દરેકને તક કહેવાય છે. છંદ બે જાતના છે : માત્રામેળ છંદ અને અક્ષરમેળ છંદ."[૪] સૌરાષ્ટ્રના લોકનૃત્યોમાં લોકગીતોની સાથે છંદની પણ રજૂઆત કરવામાં આવે છે. મોટે ભાગે રાસની શરૂઆતમાં અને પૂર્ણાહુતિ સમયે દુહા અને છંદની રજૂઆત કરવામાં આવે છે. તો કેટલાંક નૃત્યોમાં રાસની વચ્ચે પણ છંદની રજૂઆત કરવામાં આવે છે. ખાસ કરીને ઢાલ અને તલવાર રાસ, મણિયારો રાસ, અઠીંગો કે ગોફ ગુંથન રાસ, દાંડિયા રાસની અંદર વિવિધ પ્રકારના દુહા અને છંદની રજૂઆત કરવામાં આવે છે. લોકનૃત્યોમાં રજૂ થતાં છંદોની બાબત વર્ણવતાં શ્રીજયમલ્લભાઇ પરમાર જણાવે છે કે," છંદોબદ્ધ રચનામાં આલાપ તાન નથી હોતા, પણ એના સૂરના આરોહ–અવરોહ એટલા વેગપૂર્ણ અને મદીલા હોય છે કે, ઓછા સૂરમાં ગવાતા આ છંદો પોતે જ સંગીતનો એક મસ્ત પ્રકાર બની રહે છે. એના મૂળ તપાસીએ તો જ ખ્યાલ આવે કે હલ્લિસક અને લાસક પ્રકારનાં આપણા રાસ–નૃત્યોના આદિ પ્રકારોમાં આ છંદો ગવાતા હશે. સંભવ છે કે એમાંથી પણ એની રચના થઈ હોય."[૫] સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં ઘણી બધી રાસ મંડળીઓમાં અને લોકનૃત્યોમાં છંદોનો ભરપૂર ઉપયોગ થાય છે. આવા છંદોમાં બ્રહમાનંદ સ્વામીના અને પિંગળશીભાઇ પાતાભાઈના છંદો ખૂબ જ લોકપ્રિય બન્યા છે. આવા છંદોની રજૂઆતમાં ઝડઝમક, નાદવૈભવ, વર્ણસગાઈ, અનુપ્રાસ વગેરે વિશેષ ધ્યાન ખેંચે છે.

## આવા લોકનૃત્યોમાં રજૂ થતાં કેટલાંક છંદો જોઈએ.

**શ્રીપિંગળશીભાઈ પાતાભાઈના રચેલ છંદ:–**

**છંદ ત્રિભંગી**

અષાઢ ઉચારં, મેઘ મલારં, બની બહારં જલધારં,
દાદૂર ડકારં, મયૂર પુકારં, તડિતા તારં વિસ્તારં;

નાં લહી સંભારં, પ્યાસ અપારં, નંદ કુમારં નિરખ્યારી,
કહે રાધે પ્યારી, હું બલિહારી,ગોકુલ આવો ગિરધારી

**શ્રી બ્રહમાનંદ સ્વામીના રચેલ છંદઃ–**

**છંદ રેણકી**

સર સર પર સધર અમર તર અનુસર, કર કર વર ધર મેલ કરે;
હરિહર સુર અવર અધર અતિ મનહર, ભર ભર અતિ ઉર હરખ ભરે.
નિરખત નર પ્રવર પ્રવર ગણ નિરઝર, નિકટ મુકટ શિરસ્વાર નમે;
ઘણ રવ પટ ફરર ધરર પદ ઘૂંઘર, રંભર સુંદર શ્યામ રમે–જિય રંગ.

**છંદ ચર્ચરી**

ઠેં ઠેં બજ ત્ર્યંબક ઠોર, ચેં ચેં શરણાઈ શોર, ઘેં ઘેં બજ પ્રગવ ઢોલ ધેં ધેં બોલે...
ઝુક ઝુક ઝુક બજત ઝાંઝ, ટુક ટુક મંજરી રંજ, ડુક ડુક ઉપંગ ચંગ, અતિ ઉમંગ ડોલે;
દ્રગડદા દ્રગડદા પખાજ, થગડદા થૈ થૈ સમાજ, કડકડદા કડકડદા ધ્રુકુટ, ત્રુકુટ ઘનથી નાચે;
હરિહર અજ હેર હેર, બિકસિત સુર બેર બેર, ફરગટ ઘટ ફેર ફેર નટવર નાચે.

**છંદ સવૈયો**

તારા કી જયોત મેં ચંદ્ર છુપે નહીં, સૂર્ય છુપે નહીં બાદલ છાયો;
રણે ચડયો રજપૂત છુપે નહીં, દાતા છૂપે નહીં માંગન આયો;
ચંચલ નારી કો નૈન છુપે નહીં, પ્રીત છૂપે નહીં પીઠ દિખાયો;
કવિ 'ગંગ' કહે સુનો શાહ અકબર, કર્મ છુપે નહીં ભભૂત લગાયો.

**છંદ હરિગીત**

ધન્ય કુખ જીજાબાઈની, (જેમાં) શિવાજી પાકયો હતો,
તલવાર કેરી ધારથી, હિન્દુ ધરમ રાખ્યો હતો ;
પડકાર કરતી પુત્રને, મરજે સમર મેદાનમાં,
અમ દેશની એ આર્યરમણી, અમર છે ઇતિહાસમાં.

એભલ ગયો નિજ ઓરડે, ત્રિય અલ્પ હાસ્ય જ કર્યું,
પોઢેલ ચાંપો પિગલે, જેણે વસ્ત્ર મુખ ઉપર ધર્યું ;
જીભાન કરડી જોગમાયા, સિધાવી સ્વર્ગવાસમાં,
અમ દેશની એ આર્યરમણી, અમર છે ઇતિહાસમાં.

## ઉપસંહાર

સૌરાષ્ટ્રના લોકનૃત્યો દુહા અને છંદની રજૂઆત દ્વારા વિશેષ લોકપ્રિય બન્યા છે. પરંતુ સૌરાષ્ટ્રના લોકનૃત્યોમાં ગીતો, લોકગીતો, દુહા અને છંદનો ગાયકોમાં ગાવાવાળા અને ઝીલવાવાળા વિવિધ વાદ્યો સાથે સુસંગંત, આરોહ અવરોહના જાણકાર, સુરીલા, રાસ અને રમત પ્રમાણે ગીત કે દુહા છંદને રજૂ કરતાં હોય તે પણ ખૂબ જરૂરી છે. લોકનૃત્યનો ગાયકનો કંઠ સૂરીલો, દર્દીલો અને મધુર હોય તે પણ ખુબ જરૂરી છે. લોકનૃત્યના ગાયક વિશે શ્રીજયમલ્લભાઇ પરમાર જણાવે છે કે," આ ગાયકનું સ્થાન રાસમાં મેરૂ દંડ જેવું હોય છે. કારણ કે એ ગવરાવે તેમ સૌએ ગાવાનું છે, એ નચાવે તેમ સૌએ નાચવાનું હોય છે અને એ ગાય–નાચે તેમ વાદકોએ વગાડવાનું હોય છે. એથી બની શકે તેટલા વધુમાં વધુ રાસના સ્વરૂપોનો જાણકાર હોવો જોઈએ. વધુમાં વધુ ઢાળ, સાખીઓ, દુહા, છંદ, ટપ્પા વગેરેનો જાણકાર હોવો જોઈએ, અથવા એ બધું જાણતો રહેવો જોઈએ."[૬] આમ સૌરાષ્ટ્રના લોકનૃત્યોમાં વિવિધ પ્રકારના દુહા અને છંદની યોગ્ય પ્રમાણમાં થતી રજૂઆતો દ્વારા લોકનૃત્યો વિશેષ સ્વરૂપે દીપી ઉઠે છે.

## સંદર્ભ સૂચિ

૧.લોકસાહિત્ય તત્વ દર્શન અને મૂલ્યાંકન–શ્રીજયમલ્લ પરમાર, પૃ.૫૬૨
૨.સોરઠિયા દુહા–સંપાદક. ઝવેરચંદ મેઘાણી–પૃ.૬
૩.સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ–લક્ષ્મણ પિંગળશી ગઢવી, પૃ.૧૩૩
૪.ભગવદ્ગોમંડલ–પૃ.૩૩૪૩
૫.આપણાં લોકગીતો– જયમલ્લ પરમાર, પૃ.૧૪૦
૬.લોકસાહિત્ય તત્વ દર્શન અને મૂલ્યાંકન–શ્રીજયમલ્લ પરમાર, પૃ.૬૨૭

રણમલ કે. પરમાર
મુંઃ–રાણ, તાઃ–જામ કલ્યાણપુર
જિઃ–દેવભૂમિ દ્વારકા, ૩૬૧૩૧૫